# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-09-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં દુષ્કાળ જેવી સ્થિતિ

અલ નીનોના પ્રભાવ વચ્ચે ઓગસ્ટ માસ કોરો જતાં કચ્છમાં દુષ્કાળ જેવી સ્થિતિ ઊભી થઇ છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના આંકડા મુજબ, વીતેલા એક દાયકામાં 2021 બાદ આ વર્ષનો ઓગસ્ટ માસ સૌથી સૂકો રહ્યો છે, હાલ કચ્છમાં સરેરાશ ૩૦ ટકા જ વરસાદ નોંધાયો છે અને ૫૯ ટકાની ભારે ઘટ પ્રવર્તી રહી છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જામનગર બાદ રાજ્યમાં વરસાદની સૌથી વધુ ઘટ કચ્છમાં છે.

ભૌગોલિક સંરચના અને સૂકા પવનોના પ્રભાવને કારણે અબડાસા અને લખપત સહિત પશ્ચિમ કચ્છના વિસ્તારો અતિસંવેદનશીલ બન્યા છે. બંગાળની ખાડીમાં સર્જાતી સિસ્ટમ ગુજરાત સુધી ન પહોંચતા અને ભેજનું પ્રમાણ ઘટતાં વરસાદમાં અવરોધ ઊભો થયો છે. જો કે, વર્ષ ૨૦૨૧ની જેમ સપ્ટેમ્બરમાં પાછોતરો વરસાદ સારો વરસે અને મેઘરાજા મહેરબાન થાય તેવી જિલ્લાવાસીઓ આશા સેવી રહ્યા છે.

------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ ઇન ઇસ્ટ કચ્છ'

પૂર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા 'નો ડ્રગ્સ ઇન ઇસ્ટ કચ્છ' અભિયાન અંતર્ગત માદક પદાર્થો સામે કડક કાર્યવાહી તેજ કરાઈ છે. આ વિશેષ ઝુંબેશ હેઠળ જિલ્લાના

તમામ પોલીસ સ્ટેશનો અને સ્પેશિયલ શાખાઓ દ્વારા માદક પદાર્થોની હેરાફેરી, ગેરકાયદેસર વેચાણ કે સેવન કરનારા તત્વો વિરુદ્ધ કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા નાગરિકોને પોતાના વિસ્તારમાં માદક પદાર્થોની હેરાફેરી કે વેચાણની માહિતી આપવા અપીલ કરાઈ છે. માહિતી આપનારની ઓળખ ગુપ્ત રખાશે. માદક પદાર્થો સામે કડક કાર્યવાહી અંગે માહિતી આપતા પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ વડા સાગર બાગમારે આ મુજબ કહ્યુ.

(બાઇટ)

---------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાનના 25 વર્ષ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસનના 25 વર્ષ અંગે ગાંધીનગર ખાતે આજે પ્રદેશ ભાજપની કાર્યશાળા યોજાઈ.  જેમાં 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી સેવા કાર્યક્રમ યોજવાની જાહેરાત કરાઇ.  આ અંગે વધુ માહિતી આપતા પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે જણાવ્યું કે એક મહિના સુધી આ વિશેષ કાર્યક્રમો યોજાશે જેમાં જન કલ્યાણની યોજનાઓ નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ભુજમાં `સાંસદ સ્ટાર્ટઅપ સેમિનાર'નું આયોજન

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા આગામી 17 સપ્ટેમ્બરે ભુજના ટાઉનહોલ ખાતે ભવ્ય `સાંસદ સ્ટાર્ટઅપ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનારમાં આઈ.ટી.આઈ., પોલીટેકનિક અને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ યુવા ઉદ્યોગસાહસિકોને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટેની તકો, સરકારી યોજનાઓ અને ફંડિંગ

અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાશે. એઆઈ, કૃષિ, આરોગ્ય અને અવકાશ જેવા ક્ષેત્રોમાં નવીન વિચારોને વ્યવસાયમાં રૂપાંતરિત કરવા માટે આ સુવર્ણ તક છે.

આ સેમિનારમાં જોડાવા માટેની અંતિમ તારીખ 15 સપ્ટેમ્બર 2026 છે. રસ ધરાવતા યુવાનોએ વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવવા સાંસદ દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છભરમાં જન્માષ્ટમી નિમિત્તે મંદિરોને શણગારાયા

કચ્છભરમાં જન્માષ્ટમી પર્વને લઈને ભારે ઉત્સાહ અને ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. જન્માષ્ટમીને લઈને ભુજ, માંડવી, અંજાર, રતનાલ અને ખેડોઈ સહિતના વિવિધ સ્થળોએ મંદિરોમાં ભગવાનના શણગાર, સંકીર્તન અને મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાશે.

ભુજના દ્વારકાધીશ અને સ્વામિનારાયણ મંદિરમાં વિશેષ પૂજા અને ભગવાનનો શણગાર કરાશે. ખેડોઈના લક્ષ્મીનારાયણ મંદિરે ૮૧ વર્ષથી ચાલતી પરંપરા મુજબ પાટીદાર સમાજની દીકરીઓ ગોયણી બની પૂજા-અર્ચના કરશે. અંજારના સચ્ચિદાનંદ મંદિરે અઢીસો વર્ષ જૂની પ્રથા મુજબ ૧૬ પ્રકારની પૂજા, ૫૬ ભોગ અને મટકીફોડના કાર્યક્રમો યોજાશે.

માંડવીમાં પરંપરાગત રવાડી અને રુકમાવતી કિનારે નાગનાથના મેળાનું આયોજન છે. જ્યારે રતનાલના મંદિરે ગોવાળો દ્વારા રાસ અને મૂર્તિ પૂજન કરાશે. યુવા મંડળો દ્વારા ઠેર ઠેર માં દહીંહાંડી અને મટકીફોડ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------------

# આદિપુરની કોલેજમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આદિપુરની તોલાણી કોમર્સ કોલેજ ખાતે રેડ રિબન ક્લબ અંતર્ગત એચઆઈવી, ટીબી, હિપેટાઇટિસ અને સિફિલિસ અંગે જાગૃતિ કાર્યક્રમ અને ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી.

જિલ્લા ટીબી-એચઆઈવી અધિકારી ડૉ. મનોજ દવેના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને એચઆઈવી, ટીબી, હિપેટાઇટિસ અને સિફિલિસ રોગોના કારણો, લક્ષણો, બચાવના ઉપાયો તેમજ આરોગ્ય વિભાગની સેવાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ કેળવવા આ વિષયો પર ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------